# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૭ અંક : ૨૦૦

પ્રમુખ

**ધનજી લખમશી સાવલા**

(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી

**અમૃતલાલ ભાણજી નિસર**

(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા

**શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**

૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો

**દિનેશ કલ્યાણજી ગોસર**

૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧

**રમેશ મણીલાલ શાહ**

૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન

૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

email : hydkmm@gmail.com

*મુદ્રક*

**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫

ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

વાર્ષિક પરીક્ષાઓનો દોર ફરીથી શરૂ થયેલ છે. સાથેજ શાંતિ અને અમનનો માહોલ. હાલપૂરતો, જળવાઈ રહેલ છે.

વર્ષોવર્ષની શિક્ષણતંત્રનાં ગેરવહિવટ, ગેરવ્યવસ્થાથી વાર્ષિક પરીક્ષાઓની અનિશ્ચિતતા, નાનામોટા આંદોલનની પરીક્ષાસમયે ડરામણીઓ, બેજવાબદાર રાજ્યતંત્ર અને અસામાજિક કારણોથી થતી વિદ્યાર્થીઓનાં ભણતરની પાયમાલીથી ત્રસ્ત આમજનતાનાં તીવ્ર અસંતોષ, નારાજગી અને આક્રોશને ખાળવા સરકારીતંત્રે આવા આંદોલનને કાબુ કરવા કડક ઉપાયો અપનાવ્યા છે. થોડી રાહત અને નિરાંત મળ્યાં છે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ અનુકૂળ વાતાવરણનો પૂરો ફાયદો ઉઠાવવો જોઈએ. જેથી ઈચ્છિત અને શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાય. આખાય સમાજ તરફથી પરીક્ષાર્થીઓને તેમનાં પ્રયત્ન મહેનત બદલ શુભેચ્છાઓ.

મંડળની વિવિધ સમિતિઓનાં કાર્યક્રમોનું યોગ્ય પ્રમાણે સંચાલન થઈ રહ્યું છે. ઉપરાંત સભ્ય પરિવારો તરફથી પ્રોત્સાહિક સહકાર અને સાથ સાંપડે છે. જેની પ્રેરણાથી નવાનવા કાર્યક્રમો યોજાતાં રહેશે જેને ઉમળકાથી વધાવી લેશો.

### આ માસની ડાયરી

| | | |
|---|---|---|
| ૧૯-૨-૨૦૧૨ રવિવાર | માવજત સમિતિ | **હેલ્થ ચેક અપ કેમ્પ** એપોલો હોસ્પીટલ |
| ૨૬-૨-૨૦૧૨ રવિવાર | શાંતિવન સમિતિ | સામાજિક લવાદ પંચની આવશ્યક્તા, કચ્છી ભવન |
| ૩-૩-૨૦૧૨ શનિવાર | મનોરંજન સમિતિ | સત્યમ શિવમ સુંદરમ **બ્લાઈન્ડ મ્યુઝીકલ શો** ભારતીય વિદ્યા ભવન |
| ૧૮-૩-૨૦૧૨ રવિવાર | માવજત સમિતિ | **હેલ્થ ચેક અપ કેમ્પ** એપોલો હોસ્પીટલ |

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**

*|| શ્રી શાંતિનાથાય નમઃ ||* *|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||*

## હૈદ્રાબાદમાં સર્વપ્રથમવાર ચૈત્રી નવરાત્રીમાં થશે

# ભગવતી શ્રી પદ્માવતી દેવીનું મહાઅનુષ્ઠાન (સહ હવન)

રાજરાજેશ્વરી, જગત-જનની, જિનશાસનની મહાન અધિષ્ઠાયિકા માઁ પદ્માવતી ની આરાધના તમામ પ્રકાર ના વિઘ્નો હરનારી અને સુખ-શાંતિને કરનારી છે. પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુ જેના મસ્તકે બિરાજમાન છે એવી જગજયવંતી મહાદેવી પદ્માવતી નું વિશિષ્ઠ અનુષ્ઠાન ૧૦૮ યંત્રપૂજન યુક્ત ચૈત્ર સુદ ૩ ના શુભ દિને ચૈત્રીનવરાત્રી (જ્યારે આધશક્તિઓની ઉપાસના થતી હોય છે) ના પવિત્ર દિવસોમાં મહામહિમાવંત અને સર્વકાર્ય સિદ્ધિકર-**શ્રી પદ્માવતી દેવઈ મહા અનુષ્ઠાન**

*યુવા વિધિકાર શ્રી હર્ષ દેઢિયા ના સંગીતમય સથવારે*
*તા. ૨૫-૩-૨૦૧૨ (રવિવાર) ના શુભ દિને સમય : સવારના ૮.૦૦ વાગ્યે શાર્પ*

આ સમસ્ત અનુષ્ઠાન માતાજીના હવન યુક્ત થશે, જે હૈદ્રાબાદમાં સર્વ પ્રથમવાર જ થઈ રહ્યું છે. આ અનુષ્ઠાનમાં યંત્રપૂજનનું લાભ લેવા ઈચ્છુક ભાગ્યશાળીને એક યંત્ર આપવામાં આવશે સાથે (ઘરના બે વ્યક્તિ દ્વારા) વાસક્ષેપ, પુષ્પો આદિથી પૂજન કરવામાં આવશે અને એ યંત્ર (તાંબાના), પૂજન બાદ ઘરે લઈ જવા આપવામાં આવશે. જેનો નકરો માત્ર રૂ. ૧૧૦૦/- રાખવામાં આવેલ છે. ચૈત્ર નવરાત્રીમાં થનાર આ મહામંગલમય સર્વ સિદ્ધિદાયક અનુષ્ઠાનમાં યંત્ર પૂજનનો લાભ અવશ્ય લેશો, જેથી ઘરમાં સુખ - સમૃદ્ધિ અને સંપન્નતા પ્રગટ થાય.

સંપર્ક :

**શ્રીમતિ જ્યોતિ મહેન્દ્ર મોતા**
ફોન : ૯૩૯૬૫ ૩૬૦૦૦

**શ્રીમતિ લતાબેન મણિકાંત મોમાયા**
ફોન : ૯૮૮૫૫ ૫૫૫૫૨

---

નોંધ : સર્વેએ લાલ પૂજાના વસ્ત્રો ધારણ કરી પધારવું. (જા.ખ.)



# સંપાદકીય

સંપાદિકા : શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદકો : દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ

## આપની સમક્ષ નિયાંપોનો આ ૨૦૦મું અંક...

આજથી ૧૭વર્ષ પહેલા આપણા વડિલોએ દીર્ઘદ્રષ્ટિ વાપરી આ પ્રસાર માધ્યમને શરૂ કરી આપણને સૌને એક તાંતણે બાંધી દીધા. આજે કમ્યુનીકેશનના બીજા ઘણા માધ્યમો પણ ઉપલબ્ધ છે છતાં શ્રી કચ્છી મિત્ર મંડળનું આ મુખપત્ર નિયાંપો આજે દેશ વિદેશમાં વંચાયછે આ ૨૦૦મું અંક આપણી સમક્ષ મુક્તા અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આજે અમે સંસ્થાની પ્રગતિ પર પ્રકાશપાડતા અમને રોકી શક્તા નથી....

આપ સૌને વિદિત છે કે ભારતભરની આપણી સંસ્થાઓની સરખામણીમાં આપણું શ્રી કચ્છી મિત્ર મંડળ એની વિવિધ પ્રવૃતિઓના કારણે હમેશા મોખરે રહ્યું છે. આજે શ્રી કચ્છી મિત્ર મંડળ વિશાળ વટવૃક્ષ બની ગયું છે. આપણા વડીલોએ કૂનેહદ્દષ્ટિ વાપરી આ સંસ્થાનું નિર્માણ કરયું જેના ફળો આજે આપણે ચાખી રહ્યાં છીએ. આપણા જેવું વિશાળ ભવન કદાચ બીજે ક્યાંય નથી આપણા ઘરનાં પ્રસંગો માટે જેનું ભાડું નહિવત બરાબર છે. દરેક પ્રકારની સાધન સામગ્રીથી સજ્જ છે. આપણા સ્વાસ્થય માટે માવજત સમિતિ દ્વારા એલોપેથી, હોમીયોપેથી, આયુર્વેદિક દવાખાનાઓ ચલાવામાં આવે છે. સમયાંતરે વિવિધ પ્રકારના સ્વાસ્થય પરિક્ષણ કેમ્પ યોજાય છે. અન્ય હોસ્પીટલો સાથે પણ આપણું ટાઈ-અપ છે.

આપણા માનવ મિત્ર સમિતિ દ્વારા ચાલતી પ્રવૃતિઓ જેનો જોટો ક્યાંય નથી, કોઈના ઘેર દુઃખદ પ્રસંગે આ માનવમિત્રો ખડે પગે ઉભા હોય છે અને જરૂરી સર્વે કાર્યો એ લોકો ઉપાડી લેછે. આશ્રમો, ગૌશાળા, હોસ્પીટલ, ડાયલિસિસ ખર્ચ માટે ફંડ એકઠું કરી આપવામાં સહાય રૂપ બને છે. જરૂરતના સમયે દર્દીઓ માટે રક્ત એકઠું કરી આપે છે. શૈક્ષણિક સહાય દ્વારા આપણી સંસ્થા વર્ષે ઘણા એવા જરૂરતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ થાય છે. જરૂરીઆતમંદ પરિવારોને તેમજ દર્દીઓને આર્થિક સહાય આપવામાં આવે છે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે મદદ કરવામાં આવે છે અને વિવિધ ક્ષેત્રોનાં અવ્વલ વિદ્યાર્થીઓને પારિતોષિક/મેડલ આપી કદર પણ કરે છે. વિદ્યાર્થીઓ માટે બુકબેંક પણ ચલાવે છે. આપણી પોતાની સ્કુલ પણ ચાલી રહેલ છે જેનું સુચારૂ સંચાલન થાય છે.

આપણા વડિલો માટે શાંતીવન સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. સમયાંતરે રમત-ગમત, મનોરંજન, મહિલા અને યુવાઓ માટે એ સમિતિઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે પર્યુષણ પર્વ બાદ સમાજનું સાંવત્સરિક ક્ષમાપના મિલન, તપસ્વીઓનું સન્માન અને સ્વામીવાત્સલ્ય નો કાર્યક્રમ વિશાળ રૂપે યાજાય છે. આવાસ ગૃહનો નિર્માણ કરી જરૂરતમંદ પરિવારોને ખૂબજ ઓછા ભાડામાં ફ્લેટ આપવામાં આવેલ છે. સમાજ અંગેની વિસ્તૃત જાણકારી માટે ફરીવાર લેટેસ્ટ વસ્તીપત્રક બુક તેમજ, સુંદર ટેલીફોન ડિરેક્ટરી પણ ટુંક સમયમાં પ્રકાશિત થશે.

સંસ્થાનું સૌભાગ્યએ છે કે વખતો વખત દીર્ઘદ્દષ્ટિવાળા અને કાર્યક્ષમ તેમજ પ્રમાણીક હોદ્દેદારો અને કમિટિ સભ્યો પ્રાપ્ત થઈ સંસ્થાનું સુકાન સુપેરે ચલાવે છે.

**ગત જાન્યુઆરી ૨૦૧૨ ના નિયાપો અંકમાં શાંતિ પ્રાયમરી સ્કૂલ સમિતિ દ્વારા અપાયેલ અહેવાલ શરતચૂકથી જૂનો છપાઈ ગયેલ છે. જે આ અંકમાં સુધારીને છાપવામાં આવેલ છે.**

**WE ARE LOOKING FOR A**

# FEMALE STORE MANAGER

**FOR OUR**

# WEDDING WEAR SHOWROOM

**AT SOMAJIGUDA**

**AGE (20 - 35 YRS)**

**FRESHERS CAN ALSO APPLY**

**INTERESTED PLEASE CALL 9000522022**

Suits 'u'

*Exclusive Wedding wear on* **RENT**

**V.V. VINTAGE BOULEVARD BUILDING,**
**# 6-3-1093, LOWER GROUND FLOOR,**
**BEHIND COFFEE DAY,**
**RAJ BHAVAN ROAD, SOMAJIGUDA,**
**HYDERABAD 82.**

(જા. ખ.)



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

જાન્યુઆરી માસ પૂર્ણ થયો, વસંત ઋતુનું આગમન થઇ ગયું. લગ્ન સરા તથા અન્ય માંગલિક પ્રસંગો પણ ઊજવાઇ રહ્યાં છે સાથે સાથે આપણાં મંડળની પ્રવૃતિઓ પણ સફળતા પૂર્વક થઇ રહી છે. સર્વ સંચાલકો તથા સાથીઓનો ખૂબ ખૂબ આભાર તથા અભિનંદન !

તા. ૧૧-૧-૨૦૧૨નાં કારોબારી સમિતિની સભા યોજાઇ. કેટલાક નવા સભ્યોને લેવામાં આવ્યા છે. નામાવલી અન્યત્ર છપાયેલ છે. તા. ૨૧-૧-૨૦૧૨નાં મહિલા સમિતિ દ્વારા અંતાક્ષરીનો સફળ કાર્યક્રમ યોજાયો. સંચાલક તથા સાથીઓને અભિનંદન ! તા. ૨૧-૧-૨૦૧૨નાં માનવ-મિત્ર સમિતિ દ્વારા ''દેવનાર સ્કુલ ફોર બ્લાઇન્ડ'' નાં બાળકો માટે રમત-ગમતનો કાર્યક્રમ રાખવામાં આવેલ તથા ૨૬-૧-૨૦૧૨નાં ઝંડા વંદન તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

માવજત સમિતિ તરફથી હૃદય-રોગ માટે તપાસ તથા ઉપચારની પ્રક્રિયા દર મહિને થાય છે, જે ૧૯-૨-૨૦૧૨ ને દિવસે ત્યાર પછી ૧૮-૩-૨૦૧૨ના દિવસે રાખવામાં આવેલ છે.

મનોરંજન સમિતિ દ્વારા તા. ૩-૩-૨૦૧૨નાં વિકલાંગ તથા ચક્ષુહીન બાળકો તરફથી એક સંગીતનાં કાર્યક્રમની યોજના કરવામાં આવી છે. સર્વ સભ્યોને લાભ લેવા વિનંતી.

યુવા સમિતિ દ્વારા રમત-ગમતનાં કેટલાક નવા સાધનો વસાવી રમત-ગમતને પ્રોત્સાહન આપવાનાં પ્રયત્નો થઇ રહ્યા છે. શાંતિ પ્રાયમરી સ્કુલ દ્વારા ''સ્કુલ-ડે '' યોજવામાં આવનાર છે. વિસ્તૃત જાણકારી સંચાલકશ્રી આપશે.

જુદા જુદા સમાજો તરફથી આવેલ પુસ્તકો-સામયિકો તથા અન્ય વાંચન સામગ્રી મંડળનાં દવાખાનામાં રાખવામાં આવે છે, જેનો ઉપયોગ કર્યા પછી ફરી એજ જગ્યા ઉપર મૂકવા સભ્યોને નમ્ર વિનંતી. ઘરે લઇ જવા માંગતા સભ્યો કાર્યાલયમાં નોંધ કરાવી બીજે દિવસે ફરી દવાખાનામાં મૂકવા વિનંતી.

દક્ષિણ-ભારત કે.વી.ઓ. એકમનો મહાસંમેલનનો કાર્યક્રમ સફળતાપૂર્વક યોજવામાં આવ્યો, જેમાં લગ્ન પ્રસંગે બન્ને પક્ષે થતી ખર્ચ અડધો અડધો કરવા માટે સૂચનો આવ્યા છે, જે માટે વિચારણા કરી ઘટતું કરવું રહ્યું. આંધ્ર-પ્રદેશ કે.વી.ઓ. સમાજ તરફથી યોજાયેલ નાટક ''કોટંબ કમાલ ત જેંદગી ધમાલ'' ખૂબજ સફળ રહ્યું આયોજકોને અભિનંદન ! સર્વ દાતાઓને જાહેર કરેલ રકમ મોકલી આપવા વિનંતી

માતુશ્રી અમૃતબેન દેવશી કુંવરજી વોરા ગામ મુંદ્રા (હૈદરાબાદ) એમના પૌત્ર ચિ. ઉમેશ-અંકિતાના લગ્ન નિમિત્તે રૂ. ૫૧૦૦/- શ્રી કચ્છી મિત્ર મંડળને ભેંટ આપેલ છે. મંડળ વતી આભાર...

**A mistake which is not corrected immediately is another mistake.**

## SMS

ઘણાં સભ્યોને સમાજના કાર્યક્રમો વગેરેની જાણ .. દ્વારા નથી મળતી તે બાબત અમારૂ ધ્યાન ડોરવામાં આવ્યું છે. આ બાબત જણાવવાનું કે કુલ્લ ૬૮૦ સભ્યોના મોબાઈલ નંબરો માંથી લગભગ ૩૬૦ સભ્યોએ પોતાના મોબાઈલમાં DND એક્ટીવેટેડ છે. જેથી તેમને SMS મળતા નથી. જેમને પણ મેસેજ પ્રાપ્ત કરવા હોય તેઓ એ પોતાના સર્વીસ પ્રોવાઈડર ને રિક્વેસ્ટ આપી DND ડી.એક્ટીવેટ કરાવી લેવું. ડી.એક્ટીવેટ કરાવ્યા બાદ ૧૫ દિવસ પછી થી મેસેજ મળવાના શરૂ થઈ જશે.

।। શ્રી અંબે માતાય નમઃ ।।



# છેડા નુખના ભાવિકોની પહેડી



**સવિનય જણાવવાનું કે છેડા નુખના અંબા માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી રવિવાર તા. ૧૮-૩-૨૦૧૨ ના સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડાનુખના સર્વે ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનો ને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.**

## કાર્યક્રમ

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ તથા સ્થાપનાં | ૦૯.૩૦ કલાકે |
| માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસ ગરબા | ૧૦.૦૦ કલાકે |
| ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૨.૦૦ કલાકે |
| માતાજી ને પ્રસાદ થાળ જુવારવાનું | ૧૨.૧૫ કલાકે |
| માતાજી ની આરતી | ૧૨.૩૦ કલાકે |
| માતાજીની પ્રસાદી (પ્રીતિભોજ) | ૦૧.૦૦ કલાકે |

પહેડીનાં સંપૂર્ણ લાભાર્થી પરિવાર

**માતુશ્રી હીરબાઇ દનાભાઇ પાસુ છેડા પરિવાર** ગામ : મોટા આસંબીયા-કચ્છ

(આ અગાઉ પહેડી તા. ૮-૧-૨૦૧૨ના રાખવામાં આવેલ જે અનિવાર્ય સંજોગોને કારણે મુલત્વી રાખવામાં આવેલ.)

: સંપર્ક :

| | | |
|---|---|---|
| **દેવચંદ છેડા** | **પોપટલાલ છેડા** | **રતીલાલ છેડા** |
| **(નિ) ૦૪૦-૬૬૮૩ ૯૫૦૫** | **(મો) ૯૪૪૦૦૫૫૧૧૩** | **(મો) ૯૩૯૪૪૫૪૫૫૬** |

લી. **છેડા ભાવિક સંઘ (હૈદરાબાદ)** નાં જય જીનેન્દ્ર

શ્રીફળ પ્રથા બંધ છે

(જા.ખ.)

## માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯
સહસંચાલક : વલ્લભજી મેઘજી સાવલા

સહર્ષ જણાવવાનું કે હૃદય રોગને લાગતી બિમારીઓ નો પાંચમો કેમ્પ રવિવાર તા. ૧૮-૩-૨૦૧૨ના દિવસે રાખવામાં આવેલ છે. જે પણ સભ્યો અને બીજી ઇતર કોમ આ કેમ્પમાં લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ પોતાના નામ કચ્છી ભવનની ઓફીસમાં પહેલા ડૉ. **દિપ્તી ભૂતા** પાસે આવીને જુના રિપોર્ટ સાથે લાવી જે આપણા એલોપેથીક દવાખાનામાં સવારના ૯ થી ૧૦ સુધી બતાડી એમની સહમતિ પ્રાપ્ત કરવી જરૂરી છે. આ ટેસ્ટો અપોલો હોસ્પીટલ નલ્લાકુંટામાં નિ:શુલ્ક કરવામાં આવશે, જેમાં લીપીડ પ્રોફાઇલ, ફાસ્ટીંગ બલ્ડ સુગર, ઇ.સી.જી., ૨ ડી ઇકો તથા જરૂર મુજબ બીજા પરિક્ષણો નો સમાવેશ થાય છે.

**મેડીકલ ઇન્સ્યોરન્સ :** દિવસે દિવસે આપણને ઇન્સ્યોરન્સ ની જરૂરત વધતી જાય છે અને કંપનીઓમાં નવા નવા કાનુનો બનતા જાય છે જ્યારે ઇન્સ્યોરન્સ લેવાય છે રિન્યુઅલ વખતે, ક્લેમ લેતી વખતે શું કાળજી લેવી જોઇએ અને બીજી કઇ માહિતી જોઇએ એ માટે એક સભાનું આયોજન રવિવાર તા. ૨૬-૨-૨૦૧૨ના કચ્છી ભવનમાં સવારના ૯.૧૫ વાગે રાખવામાં આવેલ છે. જેમાં આપણા એજેન્ટ શ્રી મધુ મોદાની અને શ્રીમતી લલીતા મોદાની સંબોધિત કરશે જેનો લાભ લેવા બધા સભ્યોને વિનંતી. ચા-પાણીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

હવે થી વિજયા ડૉયગ્નોસ્ટીકમાં જાઓ તો ઇન્વેસ્ટીગેશન કાર્ડ ની ઝેરોક્સ લઇ જવી જરૂરી છે.



## શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહ સંચાલક : દામજી માવજી સાવલા

### ''સામાજિક લવાદ પંચની આવશ્યક્તા''

ફેબ્રુઆરી ૨૦૧૨માં જે પણ મંડળના વડિલ સભ્યોનો જન્મદિવસ આવે છે તે સર્વે વડિલો ને શાંતીવન સમિતિ હાર્દિક શુભેચ્છાઓ મોકલાવેલ છે સહર્ષ સ્વીકારશો... ઘણા સમયના ગાળા પછીથી વળી એકવાર શાંતીવાન સમિતિ સક્રિય થયેલ છે

**રવિવાર તારીખ ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૨ના સાંજના ઠીક ૪.૦૦ વાગે**

**શ્રી કચ્છી ભવનમાં ''સામાજીક લવાદ પંચની આવશ્યક્તા''**

વિષય ઉપર મંડલનાજ વડિલ સભ્યોનું માર્ગદર્શન રાખવામાં આવેલ છે. કાર્યક્રમ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ મધ્યસ્થી મહાજનના લવાદ પંચના સભ્ય શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના (પ્રખર વક્તા) પધારશે.

બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને પરિણામ લક્ષી બનાવવા સર્વે વડિલ સભ્યોને ખાસ આગ્રહ ભરી વિનંતી છે. તા.ક. : કાર્યક્રમ બાદ ચા-પાણી ની વ્યવસ્થા છે.

## આવાસ ગૃહ સમિતિ

સંચાલક : નવીનચંદ વિશનજી હરિયા
મો. ૯૮૮૫૦ ૩૧૨૩૨

ચૈતન્યપૂરી સ્થિત શ્રી કચ્છી મિત્ર મંડળ સંચાલિત આવાસ ગૃહમાં ૧ ફ્લેટ ખાલી થયેલ છે. જરૂરિઆતમંદ સભ્ય પરિવારે ૧ માર્ચ ૨૦૧૨ પહેલા લેખીત અરજી કચ્છી ભવન ઓફિસમાં મોકલી આપવી.

હમણા જે પરિવારો આવાસ ગૃહ માં રહે છે. તેઓ એ અરજી કરવી નહીં.

।। કુલદેવી શ્રી સચ્ચા માતાય નમઃ ।।

# ગડા અને રાંભીયા ભાવિકો ની પહેડી

સવિનય જણાવવાનું કે ગડા અને રાંભીયા નુખનાં શ્રી સચ્ચા માતાજી ને નમતા સર્વે ભાવિકોની પહેડી રવિવાર તા. ૧૯-૨-૨૦૧૨ ના સવારના ૯.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે ગડા અને રાંભીયા નૂખના સર્વે ભાવીકોને સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ તથા સ્થાપના | ૯.૩૦ કલાકે |
| માતાજી ના ભજન ગીતની રમઝટ તથા રાસગરબા | ૧૦.૦૦ કલાકથી |
| ગત વર્ષની પહેડી ની વિગત તથા અન્ય માહિતી | ૧૨.૦૦ કલાકે |
| માતાજી ને પ્રસાદ થાળ જુવારવાનું | ૧૨.૧૫ કલાકે |
| માતાજી ની આરતી | ૧૨.૩૯ કલાકે |
| માતાજી ની પ્રસાદી (પ્રિતી ભોજ) | ૧.૦૦ કલાકે |

## ગડા અને રાંભીયા ભાવિક સંઘ - હૈદરાબાદ

ના જયજિનેન્દ્ર

નોંધ : ગડા અને રાંભીયા પરિવારની નિયાણી બહેનો ને નામ લખાવવા માટે સંપર્ક :

હરીશ લખમશી ગડા — ૯૨૪૬૩ ૪૫૪૦૪

પંકજ ચીમનલાલ રાંભીયા — ૯૨૪૬૫ ૩૮૬૦૦

**શ્રીફળ લઈ આવવાની પ્રથા બંધ છે.**

(જા.ખ.)

## સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**
સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની ૧૧-૧-૨૦૧૨નાં મળેલ કારોબારી સમિતિની સભામાં નીચે મુજબ વ્યક્તિઓની આજીવન સભ્યપદની અરજીઓ ને મંજુર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી હિરેન જીતેન્દ્ર ગોગરી | નાગલપુર | H/1006/1/12 |
| ૨ | શ્રીમતિ અક્ષતા હિરેન ગોગરી | નાગલપુર | A/1003/1/12 |
| ૩ | શ્રીમતિ ધારીણી પારસ લોડાયા | બાંડીયા | D/1005/1/12 |
| ૪ | શ્રીમતિ છાયા વસંત મોતા | કુંવાપધર | C/1002/1/12 |
| ૫ | શ્રીમતિ ઉર્વશી હેમાંગ દંડ | પરજાઉ | U/1002/1/12 |
| ૬ | શ્રી પ્રશાંત નયન મોતા | સુથરી | P/1003/1/12 |
| ૭ | શ્રીમતિ લીના જીતેશ ચૌહાન | માધાપુર | L/1001/1/12 |
| ૮ | શ્રીમતિ નીતા પ્રશાંત મોતા | સુથરી | N/1003/1/12 |
| ૯ | શ્રીમતિ લીના અશ્વિન હેણિયા | મેરાઉ | L/1002/1/12 |
| ૧૦ | શ્રી બ્રિજેશ નારાયણ ચાવડા | ચાંડીયા | B/1001/1/12 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન...

## મહિલા સમિતિ

સંચાલિકા : **શ્રીમતી ખુશાલી જયેશ નાગડા, ૯૨૪૬૫ ૨૨૪૭૬**
સહ સંચાલિકા : **શ્રીમતી હીના હિતેન નાગડા**

શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિનું નવા વર્ષનું પ્રથમ નજરાણું મેગા અંતાક્ષરી જેનું આયોજન તા. ૨૧-૧-૨૦૧૨ શનિવારના કચ્છી ભવનમાં કરવામાં આવેલ. જુની રમતને નવા અંદાજ માં રમાડવામાં આવેલ. અંતાક્ષરી રમાડવા એક પ્રોફેશ્નલ શ્રી અલીસાગર ને બોલાવામાં આવેલ. ૧૮-૧૮ બહેનો ની પાંચ ટીમને ફિલ્મી ગીતોના નામ આપવામાં આવ્યા હતા. અઢી કલાક અને ૯ રાઉંડ રમ્યા પછી સૌથી વધુ અંક પ્રાપ્ત કરનારી ૩ ટીમોને ઈનામો આપવામાં આવ્યા હતા.

ખૂબજ હર્ષોલ્લાસ અને ખેલદિલી થી બધી બ્હેનોએ ભાગ લીધેલ. ઘણી બ્હેનોને કાર્યક્રમની જાણકારી સમયસર ન મળતા સંખ્યા થોડી ઓછી હતી. તે બદલ મિચ્છામી દુક્કડમ. આવતા કાર્યક્રમની જાણ બધાને જરૂરથી કરવામાં આવશે જેથી વધારેમાં વધારે સંખ્યામાં બ્હેનો મહિલા સમિતિના કાર્યક્રમોમાં ભાગ લઇ શકે.

**શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ (ગુજરાતી મહારાજ)**

**શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, પિતૃદોષ, મેળાપક, જન્માક્ષર, કુંડલી તથા દરેક પ્રકારની ધાર્મિક પૂજા વિધી માટે**

**C/o. G.K.P. Shreevastav, # 4-5-662, First Floor, Opp. St. Pouls School, Kutbiguda, Hyderabad-500 027 Mobile : 90007 98770 (R) 040-6564 1868**

(શ્રી.જ.)



જન્મ :
૧૭-૯-૧૯૯૩

પૂર્ણતા (મૃત્યુ) :
૨૨-૧-૨૦૧૨

# પૂર્વી નિતિન ટોકરશી મુલજી વોરા

ગામ : નવીનાર (કચ્છ)

❖ *નમો અરિહંતાણં* ❖

*જીવન જીવવાજેવું છે.*
*પલ પલ પામવા જેવી છે.*
*કાર્યો ને કરવા જેવા છે.*
*સમયને સમજીને*
*ધર્મ અને ધ્યાન થકી*
*મૃત્યુને માણવા જેવું છે.*

આ ઉપરના શબ્દોને વાક્યોને દુનિયાને દેખાડતી ગઈ અને જીવનને સાર્થક કરતી ગઈ. અમારી નન્હીપરી, સૌની લાડકીને સૌના હૃદયની રાણી પ્રિય **પૂર્વી**ને

નાનીમાં : હેમકુંવર બેન    માતા : નીતા
મામા : દિનેશ, દિલીપ    માસી : લતા, વીણા

ની પ્રભુપાસે પ્રાર્થના કે જે જીવ આપના શરણે આવેલ છે એને સુખ, શાંતિ, શુદ્ધિ ને આનંદ મળે પરમાત્મા એ આતમાને પરમ શાંતિ આપજે સદ્ગતિ આપજે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(જા.ખ.)

## સંસાર ચક્ર

### સગપણ

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. આશીષ વસત વોરા | નવીનાર | હૈદરાબાદ |
| | ચિ. રૂચિ વિનોદ ધરોડ | પત્રી | મુંબઇ |
| ૨) | ચિ. કિર્તના રમેશ વિરજી દેઢિયા | ગઢશીશા | હૈદરાબાદ |
| | ચિ. સાગર તારાચંદ પ્રેમજી દેઢિયા | મોટા રતાડિયા | મુંબઇ (U.S.A.) |
| ૩) | ચિ. હાર્દિક મહેન્દ્ર પ્રેમજી ગડા | મોટા આસંબિયા | હૈદરાબાદ |
| | ચિ. દિશા જયેશ નાનાલાલ પારેખ | આંબરડી કચ્છ | ચેનૈઇ |

### શુભલગ્ન

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. નિરાલી સુધીર મેઘજી ગડા | લઠેડી | હૈદરાબાદ |
| | ચિ. હિતેન હરખચંદ ભાણજી દેઢિયા | કોટડા (રોહા) | મુંબઇ |
| ૨) | ચિ. મયુર અમરચંદ ગોવિંદજી વોરા | નારાણપુર | હૈદરાબાદ |
| | ચિ. સરોજ સર્વેશ્વરા રાતરે | - | છિંદવાડા |
| ૩) | ચિ.જય પ્રફુલ રતનશી ગોગરી | નાંગલપુર | હૈદરાબાદ |
| | ચિ. પિંકી કોમલ મુરજી સાવલા | બિદડા | મુંબઇ |
| ૪) | ચિ. બિજોલ કિરણ ચિમનલાલ રાંભિયા | સમાગોગા | હૈદરાબાદ |
| | ચિ. સપના પ્રવીણ ખીમજી દેઢિયા | તલવાણા | બેલ્લારી |
| ૫) | ચિ. સ્મિત અરૂણ પ્રેમજી ગાલા | લાખાપર | હૈદરાબાદ |
| | ચિ. આરતી ભરતસિંહ ઠાકુર | | હૈદરાબાદ |
| ૬) | ચિ. ઉમેશ નરેન્દ્ર દેવશી વોરા | મુંદ્રા | હૈદરાબાદ |
| | ચિ. અંકિતા શાંતિલાલ મોરારજી ગાલા | ચિઆસર | હૈદરાબાદ |

### અવસાન નોંધ/શ્રદ્ધાંજલિ

| | | |
|---|---|---|
| ૧) ચંચલબેન ડુંગરશી ગડા | ઉ.વ. ૭૪ | લાયજા |
| ૨) પૂર્વી નિતીન ટોકરશી મુલજી વોરા | ઉ.વ. ૧૮ | નવીનાર |
| ૩) મણશી પરબત ગાલા | | સામખીયારી |
| ૪) રમેશભાઇ હરખચંદ રાણા | ઉ.વ. ૬૭ | અંજાર |

### સરનામા માં ફેરફાર

૧) **રાકેશ વિરચંદ પદમશી નાગડા,** પ્લોટ નં. ૭૧, ૬-૧-૬૮/૩/૧/૭૧, પ્રેસ્ટીજ ડ્રીમવેલી, પિલ્લર નં ૩૦૫, પી.વી.એન. એક્સપ્રેસ વે, શિવરામપલ્લી, કાટેદાન વિલેજ, રાજેન્દ્ર નગર, હૈદરાબાદ ૫૦૦૦૫૨. ફોન. ૯૨૪૭૨૫૫૦૧૧, ૯૨૪૬૧૫૭૩૬૩

૨) **નટવર જિલુભા જાડેજા,** ૫ બી, લીજેન્ડ મેજેસ્ટીક, ૩-૪-૧૩૧, બરકતપુરા, શાલિની હૉસ્પીટલ લેન, હૈદરાબાદ ૫૦૦૦૨૭. ફોન. (નિ) ૨૭૫૬૮૭૯૩ (ઓ.) ૬૪૫૩ ૪૫૪૧ (મો.) ૯૮૪૮૦ ૨૭૫૯૨.

૩) **દિનેશ લખમશી દેઢિયા,** ૩૦૭, મહાદેવા ટી.એન.આર. એપાર્ટમેન્ટ, ૩-૪-૮૧૩, બરકતપુરા, સ્ટ્રીટ નં. ૧, હૈદરાબાદ ૫૦૦૦૨૭. ફોન. ૨૭૫૬ ૬૩૦૭

૪) **પ્રતાપ જિલુભા જાડેજા,** ૨ એ-૩ એ, લીજેન્ડ મેજેસ્ટીક, ૩-૪-૧૩૧, બરકતપુરા, શાલિની હૉસ્પીટલ લેન, હૈદરાબાદ ૫૦૦૦૨૭.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

માનવમિત્ર સમિતિ દ્વારા ચાલતી મૂઠીભર અનાજ યોજનાના સંચાલક શ્રી હિતેન સંઘોઇની પ્રેરણાથી તેમના વોલીન્ટર ભાઇ-બહેનોએ તા. ૨૬-૧-૨૦૧૨ના પ્રજાસત્તાક દિવસે દેવનાર બ્લાઇન્ડ સ્કુલ, બેગમપેટ મધ્યે ધ્વજવંદન નો કાર્યક્રમનો આયોજન કરેલ. આપણા સમાજના ટ્રસ્ટીગણ તેમજ કારોબારી સમિતિના સભ્યો અને સમાજના સભ્યોં ની હાજરીમાં માનવમિત્ર સમિતિ ના સંચાલક શ્રી હરિલાલ સાવલાએ સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદના એમ.ડી. સાથે મળી રાષ્ટ્રીય ધ્વજ ફરકાવેલ.

દેવનાર બ્લાઇન્ડ સ્કુલની સ્થાપના ૧૭ વર્ષ પહેલા આઁખના ડૉ. સાઇબાબા ગૌડના નેતૃત્વ હેઠળ થઇ અને તેમના કુશળ વહીવટથી આ સ્કુલમાં ઉત્તમ કક્ષાએ શિક્ષણ આપવામાં આવે છે. દેવનાર એટલે દેવ+નર બન્ને ના સહકારથી સ્કુલ ઉત્તરોતર પ્રગતિ કરે છે. હાલ ૩ માળનું મોટું મકાન આ સ્કુલ પાસે છે. ચક્ષુહીન બાળકો આ સ્કુલમાંથી ભણી આગળ અભ્યાસ કરી સારા હોદાઓ ગ્રહણ કરે છે. ચક્ષુહીન બાળકોને પ્રોત્સાહન માટે તારીખ ૨૧-૧-૨૦૧૨ના દિવસે મુટ્ઠીભર અનાજ ના વોલીન્ટરો સ્કુલમાં હાજર રહી ઈન્ડોર તેમજ આઉટ-ડોર રમત ગમત જેમાં ચેસ, કેરમ, પાસીંગ બૉલ વગેરેની રમત રમાડેલ હતી. આ ચક્ષુહીન બાળકોએ ખૂબજ જુસ્સા તેમજ હિમ્મતથી રમત ગમતમાં ભાગ લીધેલ. તારીખ ૨૬-૧-૨૦૧૨ના દિવસે પણ હાજર રહેલ જનસમૂહ સમક્ષ ફેન્સી ડ્રેસ, ડાન્સ, સંગીત નો કાર્યક્રમ રજુ કરેલ. હરીફાઇમાં વિજેતા થયેલ સ્કુલના બાળકોને તેમજ દરેક વિદ્યાર્થીઓને ભેંટ આપવામાં આવેલ. આ સ્કુલમાં બાળકો જે સરસ પ્રોગ્રામ કરેલ તે જોઇને એમ લાગે કે આ બાળકો ભવિષ્યમાં કોઇપણ તકલીફ નો સામનો કરવા સક્ષમ છે. સ્કુલના શિક્ષકગણને પણ મ્યુજીકલ ચેર ની ગેમ રમાડી ભેંટ આપવામાં આવેલ. હાજર રહેલ સમાજ, મંડળ ના સભ્યો, સ્કુલ ના શિક્ષક ગણ, કર્મચારીઓને સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવેલ.

તા. ૨૧-૧-૨૦૧૨ અને તા. ૨૬-૧-૨૦૧૨ આ બન્ને દિવસોમાં ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે અમે આભારી છીએ...

૧. મૂટ્ઠીભર અનાજ યોજનામાં ભાગ લેનાર સભ્યોના અને વોલીન્ટર ભાઇ-બહેનોના (જેમણે લગભગ રૂ.૪૧૦૦૦/-ની રકમ જમા કરી આપેલ)
૨. શ્રી તેજસ હરીશ ગાલા ના (એમના તરફથી તા. ૨૧-૧-૨૦૧૨ના સ્કુલના વિદ્યાર્થીઓને બપોરના ભોજન કરાવવા બદલ.
૩. શ્રી ફ્રેન્ડ્સ સોશિયલ ગ્રુપના (એમના તરફથી તા. ૨૬-૧-૨૦૧૨ના સ્કુલના વિદ્યાર્થીઓને સવારના નાસ્તો કરાવા બદલ.
૪. પર્લ કિટી ગ્રુપના (ગિફ્ટ આઇટમો માટે)
૫. કપલ ગ્રુપ તથા હિતેન છેડાના (આઈસક્રીમ તથા કેક માટે)
૬. જ્યોતિ ખુશાલ હરિયાના (તા ૨૧ અને ૨૬-૧-૨૦૧૨ના સાઉન્ડ સિસ્ટમ અરેન્જ કરવા બદલ)
૭. હાજર રહેલ સર્વે સભ્યોનો જેમણે પોતાનો અમુલ્ય સમય આપી કાર્યક્રમ ને સફળ બનાવેલ.

## આવેલ દાનની વિગત

| દાતાઓનું નામ | આશ્રમ | ગૌશાળા | હોસ્પિટલ | પક્ષીઓ ને ચણ | ૧ ડાયાલિસીસ રૂ. ૫૦૦/- લેખે |
|---|---|---|---|---|---|
| સ્વ. ઝવેરબેન કુંવરજી ધરોડ હ. શ્રી પ્રફુલ ધરોડ | ૨૫૦૦/- | ૫૧૦૦/- | - | ૨૫૦૦/- | ૧૧ |
| સ્વ. પ્રબોધ વિરજી દેઢિયા હ. નર્મદાબેન પ્રબોધ | ૧૦૦૦/- | ૧૦૦૦/- | ૧૦૦૦/- | | ૫ |
| શ્રીમતી ભાનુબેન ચુનિલાલ સંઘોઈ | | | | | ૨ |
| સ્વ. ચંદ્રકાંત નાનજી દેઢિયા પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હ. કુસુમબેન ચંદ્રકાંત | ૨૦૦૦/- | ૨૦૦૦/- | ૨૦૦૦/- | ૨૦૦૦/- | |
| શ્રી જયસિંહ કરસનદાસ વેદ | | ૫૦૦/- | | | |

સ્વ. રમેશ હરખચંદ રાણા ના સ્મર્ણાર્થે હ. સંજય રાણા તરફથી રૂ. ૫૦૦/- શ્રી કચ્છી મિત્ર મંડળને



**રમેશ હરખચંદ રાણા** ઉ.વ. ૬૭ ગામ અંજાર ચક્ષુદાન અને પ્રાર્થના સભા માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા.

**પૂર્વી નિતિન ટોકરશી વોરા** ઉ.વ. ૧૮ ગામ નવીનાર, અંતિમક્રિયા, ચક્ષુદાન અને પ્રાર્થનાસભા માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા.



# હાર્દિક અભિનંદન



**MASTER VANDIT MONIK DHARAMSHI** (Suthari) Age - 12 Years won the 1st Place in the Junior Category in Techno Quest, A.P. Inter-School I.T. Quiz competition, Vandit, has been representing Little Flower High School in I.T. Quiz for last 3 years and has consistently won 1st Place.

**KUMARI ANISHA RAJESH DEDHIA** was selected from her school for the State Level Competition of 19th National Children's Science Congress on the topic waste management held at Tunni in Vishakhapatnam in the first week of December. Later she was selected for the National Level of the Competition and had gone to Jaipur in the last week of December.





કુ. વિરલ અતુલ સાવલા The Institute of Charted Accountant of India દ્વારા નવેમ્બર - ડિસેમ્બર ૨૦૧૧ માં લેવાયેલ CA Final Exam પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થયેલ છે. શ્રી કચ્છી મિત્ર મંડળ તરફથી કુ. વિરલ ને હાર્દિક અભિનંદન.

## માનવ મિત્ર સમિતિ દ્વારા દેવનાર બ્લાઈન્ડ સ્કુલમા આયોજિત પ્રજાસતાક દિવસ કાર્યક્રમની તસવીરી ઝલક



## યુવા સમિતિ દ્વારા ૩૧-૧૨-૨૦૧૧ના યોજાયેલ કાર્યક્રમની તસવીરી ઝલક



## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫




**Manorajan Samiti** Presents

# Satyam
# Shivam
# Sundaram

## Soul Stirring Musical Show

### Must See Show for the Entire Family

# સત્યમ શિવમ સુંદરમ

### હૃદય સ્પર્શી સંગીતમય કાર્યક્રમ








**Venue : Bhartiya Vidya Bhavan,**
**King Kothi, Hyderabad**
**Date : Saturday 3rd March 2012**
**Time : 8.30 pm onwards**

**સ્થળ : ભારતીય વિદ્યા ભવન, કિંગ કોઠી, હૈદરાબાદ**
**તારીખ : ૦૩ માર્ચ ૨૦૧૨, શનિવાર સમય : રાત્રે ૮.૩૦ થી**

For Queries and details contact :
**Pankaj Hirji Savla (M) 9849747625**

**મનોરંજન સમિતિ** પ્રસ્તુત કરે છે,

આપણા સમાજના મંચ ઉપર પ્રથમ વાર એક એવો **મ્યુઝીકલ શો**

# સત્યમ શિવમ સુંદરમ્

પ્રસ્તૃત કરશે

**નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ ડીસેબલ્ડ આર્ટીસ્ટનું ટેલેન્ટ બેંક**

**શનિવાર, તા. ૩-૩-૨૦૧૨ સમય - રાત્રે ૮.૦૦ વાગ્યા થી**

**સ્થળ - ભારતીય વિદ્યા ભવન, કિંગ કોઠી, હૈદરાબાદ**




## Twenty Artists

**Twenty Exclusive performances**

જોઈ સાંભળીને અચરજ પમાડતો કાર્યક્રમ જેને પ્રસ્તુત કરશે એવા કલાકારો જે બધા ફીઝીકલી ચેલેન્જડ છે આ પ્રેરણામય કાર્યક્રમ કુટુંબ સાથે માણવાનું ચુકતા નહિ.



ડોનર પાસ તારીખ ૧૯-૨૦-૨૧ ફેબ્રુઆરી ૨૦૧૨
સમય : સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦
કચ્છી ભવનમાં
વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.



વધૂ માહિતી માટે સંપર્ક :

**પંકજ હીરજી સાવલા,**

ફોન. ૯૮૪૯૭ ૪૭૬૨૫

# Admission Open

## SHRI KUTCHCHI MITRA MANDAL

*Sanchalit*

## Shanti PRIMARY SCHOOL



POSITIVE THOUGHTS ARE WINGS OF SUCCESS





Govt. Recognised

**RC No. 1947/AF/ETR2011**

H.No. 3-4-1013/5, Rajendra Nagar Colony, Lane Opp. to Kachiguda,
Railway Station, Barkatpura, Hyderabad - 500 027.

**Phone : 040-27566477**

**E-mail : kmmshkg.shantiprimary@gmail.com**

- CENTRALLY LOCATED CO-ED ENGLISH MEDIUM
- NURSERY TO V STANDARD
- LIMITED STUDENTS PER CLASS
- INDIVIDUAL ATTENTION FOR EACH CHILD BY TRAINED TEACHERS

**For Admission contact school office at Above Address between 10 a.m. to 1 p.m. on weekdays**

| President | Secretary | Correspondent |
|---|---|---|
| Dhanji Lakhamsi Sawla | Amritlal Bhanji Nisar | Vipul Harilal Nisar |



ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી મો. હામીદ અન્સારી ના નગરાગમન પ્રસંગે બેગમપેટ એયરપોર્ટ પર એમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતા **શ્રી દિનેશ કલ્યાણજી ગોસર** (વિઢ), તસ્વીરમાં આં.પ્ર. ના રાજ્યપાલ **શ્રી ઈ.એસ.એલ. નરસિમ્હન** અને મુખ્યમંત્રી **શ્રી કિરણકુમાર રેડ્ડી** એન વરિષ્ટ કેબીનેટ મંત્રી **શ્રીમતી ગીતા રેડ્ડી** પણ નજરે પડે છે.



ગુજરાતમાં ગૌવંશ હત્યા પ્રતિબંધ પર કાયદો પસાર કરવા બદલ ગુજરાત ના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું અભિવાદન કરતા પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉન્ડેશન ના સંસ્થાપક મંત્રી રિદ્ધીશ રમેશ (લોડાયા) જાગીરદાર (બાંડીયા) અને ભરત ભટ્ટ, તસ્વીરમાં ગુજરાતના ગૃહમંત્રી શ્રી પ્રફુલ પટેલ, આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ, શિક્ષણમંત્રી શ્રી જયસિંહ માનસિંહ ચૌહાન

(જા.ખ.)

## Search for MCP Footwear & Foot Problems will end here



Different Sizes, Abnormal shape, Swellings, Shortened Leg, Small & Big Foot Flat Foot, Toe growth, Corns, Ulcers, Foot Deformities, Diabetes Neuropathy, Foot Pain, Burning, Heel Pain, Knee Pain, Back Pain, Sciatica Etc.

સવારના ઉઠતાંજ એડીમાં દર્દ તથા ડાયાબેટીશ દરદીઓ અને ઓરથોપેડીક પ્રોબ્લેમ્સ માટે જૈન મટેરીઅલથી બનાવેલ ***MCP Extra Soft*** જેવાકે, ન્યુરોપથી, તળીયા બળવા, સોજા, ઘા, અલ્સર, વાઢીયા (ચીરા), ઓપરેશન પછી નાનામોટા, ઉપર નીચે પગ અંગૂઠા પાસે હાડકુ વધવું, ઘૂંટણમાં દર્દ, કમરમાં દર્દ, સાયાટીકા, ગોટલા ચડવા, ફ્લાટફૂટ, કપાસીયા વગેરે માટે ખાસ અનેક સાઈઝ અને વેરાયટીમાં ફૂટવેયર ઉપલબ્ધ છે. સિવાય માપ લઈને બનાવી આપવામાં આવશે. જૈન સાધુ સાધ્વી ને કલ્પે તેવા સફેદ કલરમાં પણ મળશે. તમારી મનગમતી ડીઝાઈન, આર્ચ, હીલ, સેન્ડલ, ઘરમાં તથા બહાર પહેરવા પણ બનાવી આપવામાં આવશે. બાળકોના ફ્લાટફૂટ તથા ***Knee Knowk*** માટે ***School Shoe*** માટે ***Insole*** મળશે. સિવાય બધી સર્જિકલ આઈટમો ઉપલબ્ધ.




**Physiotherapy Treatment House Visit facility available**

**Dr. Prashant Shah**
Ortho, Neuro & Pain Relief Specialist

Cell : 93910 17833
93999 53035
040 - 2460 2195

## Royal Health Care

(Paid Repairing, Insole, Modification, Facility Available)
Prashant College Buildings, Opp. Maharaja Hotel,
Kumar Theatre, Kachiguda, Hyderabad-27.
email:prashantshah44@yahoo.co.in
www.drprashantshah.com

## Royal Elite HEALTHCARE

Opp. Mega City School, Near SBI,
Shiva Ganga Theatre Road, Gaddinaram,
Dilsukhnagar, Hyderabad.



# સંસ્થા સમાચાર

❖ **દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એકમ** : દ.ભ.ક.વી.ઓ જૈન એકમનું ૮મું મહાસંમેલનના શીર્ષક **"હલો હૈદરાબાદ" અચો, મેલો અને માણ્યો** ને સાર્થક કરવા કન્વીનર શ્રી તારાચંદ ધરોડ અને સૌ કાર્યકરો નિષ્ઠાથી જવાબદારી સંભાળી લીધી. જેમાં દરેક ઘટકો ના શહેરો જેવા કે ચેન્નઇ, બેંગ્લોર, મદુરાઇ, હુબલી, ગદગ, બેલ્લારી, ગુલબર્ગા, ઇન્ડી તેમજ આંધ્ર ના વિજયવાડા, વરંગલ, નિઝામાબાદ વગેરે શહેરો થી પધારેલ ડેલીગેટ્સ ની મહેમાનગતિ કરીને કાર્યક્રમને યાદગાર બનાવી દીધો.

તા. ૧૪-૧-૨૦૧૨ના રોજ હૈદરાબાદના સૌથી વિશાળ એવા સત્યસાઇ કલાનિગમમ હૉલમાં સ્વાગત પ્રસ્તુતિ, દીપ પ્રજ્જવલન, નવકાર મંત્ર પર ભારત નાટ્યમ, યુવાઓ ના પરિચય માટે કાર્યક્રમ એક મિનિટ કા બાદશાહ, દરેક ઘટક દ્વારા કોમ્પીટેટીવ આઇટમોમાં બહારના કોઇપણ પ્રોફેશ્નલ કોરીયોગ્રાફરની મદદ લીધા વગર કચ્છી લોકનૃત્ય તેમજ કચ્છીઅત થીમ પર આધારીત ફેશન શો, નાના બાળકો દ્વારા મુજસે બઢકર કૌન પ્રાદેશિક ભાવનાઓથી દેશ ભાવના તરફ લઇ જનારા કાર્યક્રમોમાં વિવિધતા લાવી, કન્વીનર ની ટીમ લોકોને સતત ૧૨ કલાક સુધી જકડી રાખવામાં સફળ રહી.

મહાસમેલન ના મુખ્ય અતિથિ **શ્રી ચંદ્રકાન્તભાઇ ગોગરી** ચેરમેન-આરતી ગ્રુપ ઑફ ઇન્ડસ્ટીઝ, મહાસમેલન ના અતિથિવિશેષ **ડૉ. હાર્દિક મામણીયા** (મેનેજમેન્ટ ગુરૂ) પ્રેક્ષકોને પોતાના ઉદ્‌બોધન થી મંત્રમુગ્ધ કરી દિધા. એકમ ના પ્રમુખ શ્રી ધીરજલાલ કાપડિયા એ સ્વાગત પ્રવચન કર્યું હતું. માનદ મંત્રી શ્રી પોપટલાલ છેડા એ એકમની પ્રવૃત્તિ ઓ ની જાણકારી આપી હતી. એકમના સ્થાપક પ્રમુખશ્રી કલ્યાણજી સૈયા તથા સ્થાપક માનદ્ મંત્રી શ્રી પ્રફૂલભાઇ ભેદા એ પ્રાસંગિક પ્રવચન આપેલ. સ્પર્ધાત્મક પ્રસ્તુતિ કચ્છી લોક નૃત્ય અને કચ્છીઅત પર આધારિત થીમ પર ફેશન શો માં આંધ્રપ્રદેશ ઘટક ને પ્રથમ તેમજ ચેન્નઇ ઘટકને દ્વિતીય પારીતોષિક એનાયત કરવામાં આવ્યા.

તા. ૧૫ જાન્યુઆરી ૨૦૧૨ના વિશાળ એવા આર.ટી.સી. કલ્યાણ મંડપમ મા સતત ૫ કલાક સુધી વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. બે દિવસના મહાસંમેલનના ખર્ચ ને પહોંચી વળવા દાતાઓ તરફથી સહયોગ મળેલ જે બદલ આભાર વ્યક્ત કરવામાં આવેલ.

દરેક ઘટકના પ્રતિનિધીઓ તેમજ આંધ્ર ઘટકના પરિવારોએ કાર્યક્રમને સફળ બનાવનાર સૌને અભિનંદન આપ્યા. કાર્યક્રમના અંતમાં દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એકમનું સુકાન આગળના ત્રણ વર્ષો માટે બેંગ્લોર ઘટકને સોપવામાં આવેલ. જેના પ્રમુખ પદે શ્રી ચુનીલાલ જીવરાજ ગાલા, માનદ્ મંત્રી પદે શ્રી ધીરજભાઇ કાનજી નાગડા અને ખજાનચી પદે શ્રી રશ્મિકાન્ત લખમશી વિછીવોરા ની નિમુણુંક થયા બદલ દરેક ઘટકોના કારોબારી સભ્યોએ અભિનંદન આપેલ.

❖ **આંધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજ** : દ્વારા તા. ૨૯-૧-૨૦૧૨ના ભારતીય વિદ્યા ભવન ના રંગમંચ ઉપર નિર્માતા કચ્છ યુવક સંઘ મુંબઇ અને વસંત મારૂ અને વિજય ગાલા દિગદર્શિત કચ્છી નાટક કુટુંબ કમાલ ત જીંધગી ધમાલ ની રજૂઆત કરવામાં આવી. હાસ્ય અને કરૂણરસથી સભર કચ્છી સમાજની મુખ્ય સમસ્યાઓ ઉપર આધારીત આ નાટકમાં ભરચક હાજરી રહી હતી.



જન્મ દિવસ, સગપણ, લગ્ન તથા અન્ય સારા પ્રસંગોએ

મહેંદી મુકવા સંપર્ક કરો : ૯૯૪૮૩ ૮૦૨૩૫

MEHENDI FOR ALL YOUR SPECIAL OCCASION SUCH AS BIRTHDAY, ENGAGEMENT, MARRIAGE CONTACT : 99483 80235

(જા.ખ.)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

## BHAVANA TOURS & TRAVELS

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

## SANGHVI COLLECTION

**Specialist in : Fashion Jewellery & Kurties etc..**

રીયલ ડાયમન્ડ ના લુક જેવી સી-ઝેડ ની જ્વેલરી મંગળસૂત્ર, સેટ, નાના પેન્ડલ-બુટી, મોટા પેન્ડલ-બુટી, બ્રેસલેટ, રીંગ, નેકલેસ, કુંદન સેટ, ફૈન્સી માં નાની છોકરીઓ ના સેટ, રીંગ, બેન્ટેક્સની બંગડીયો, ચૈન, વગેરે ન્યુ સ્ટોક માં મળશે. બેંગલ બોક્સ, જ્વેલરી બોક્સ મળશે

*Contact :* Rajeshri P Sanghvi Mobile : 94403 58144

Shop No. 36, Royal Plaza, Sultan Bazar, Hyderabad

**Best Quality in Best Prize**



(જા.ખ.)

NITIN GALA 99630 10657

।। શ્રી ગણેશાય નમઃ ।।

SUNITA GALA 94408 75034

## SRI RIDDHI SIDDHI

**Snacks & Khakras Tasty & Crunchy (Home Made)**

Spl. Snacks, Sezwan stick, Tomato, Soya, All types of Puri's, Sev, Chewda, Bhakarwadi, Khakra's : Chora Phari, Sada, Deit, Garlic, Onion, Methi, Punjabi, Manchuria, Sp. Jeera, Pizza, Sezwan, Sandwitch, etc. etc.

C/3, Pragati Society, Tilak Road, Hyderabad - 1.

Bulk Order : Free Home Delivery

(જા.ખ.)

# વિવિધા

## ભારતવાસીઓને ભરખી જવા ફૂંફાડા મારતો ડાયાબિટિસ નો દૈત્ય

વધુ ભયજનક સમાચાર એ છે કે દેશભરમાં ડાયાબિટિસ નો દૈત્ય ભ્રષ્ટાચાર ના અસુરથી પિડાતા ભારતવાસીઓ માટે એનાથીય, ફૂંફાડા મારતો ફૂલફાલી રહ્યો છે.

છેલ્લા એક વરસમાં ભારતમાં ડાયાબિટિસના એક કરોડદર્દીઓ વધ્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટિસ ફેડરેશન (આઈડીએફ) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા ચોંકાવનારા આંકડા મુજબ ૨૦૧૦ માં દેશમાં પાંચ કરોડ ૮૦ લાખ દર્દીઓ હતા, તે સંખ્યા વધીને ૨૦૧૧ માંછ કરોડ ૧૦ લાખ ઉપર પહોંચી ગઈ છે.

ભારતમાં ૨૦ વર્ષની ઉંમરથી લઈને ૮૦ સુધીના વયોવૃધ્ધોમાં ડાયાબિટિસનું પ્રમાણ ૯.૨ ટકા જેટલું છે. મધુપ્રમેહના રોગીઓની સંખ્યામાં વિશ્વભરમાં ચીન પહેલા નંબરે અને ભારત બીજા નંબરે છે. ચીનમાં ૨૦૧૧ માં ડાયાબિટિસના નવ કરોડ દર્દીઓ નોંધાયા હતા, જે આંકડો ૨૦૩૦ માં લગભગ ૧૩ કરોડ જેટલો થઈ જશે, જ્યારે ભારતમાં ૧૦ કરોડ જેટલો થઈ જશે.

**છેલ્લા એક વરસમાં એક કરોડ દર્દી ઉમેરાયા : દુનિયા માં દર સાત સેકંડે એક ડાયાબિટિકનું મોત**

આ ઉપરાંત દેશમાં ડાયાબિટિસને કારણે થતાં મૃત્યુનો દર પણ વધી રહ્યો છે. ૨૦૧૧ માં આઠર્દ થી ૯ લાખ ૮૩ હજાર દરદી મૃત્યુ પામ્યા હતા. આ મૃત્યુદરમાં ગામડામાં ટાઈપ-૧ નામના ડાયાબિટિસથી મરણને શરણ થતાંબાળકોની સંખ્યા ૧ લાખ ૧૨ હજાર જેટલી છે. આ આંકડા ખૂબજ ચિંતાપ્રેરક છે, એમ જણાવતાં ડાયાબિટિસના એક નિષ્ણાત ડૉક્ટર કહે છે કે અપૂરતી સારવાર આને માટે જવાબદાર છે. વળી આગામી ૨૦ વરસમાં આ રોગને અંકુશમાં રાખવાની કોઈ શક્યતા નજરે પડતી નથી એ જોતા ડાયાબિટિસગ્રસ્તોની સંખ્યા સતત વધતી રહેશે.

એક જાણીતા બારિયાટ્રિક સર્જને જણાવ્યા પ્રમાણે દુનિયાભરમાં દર સાત સેકન્ડે એક ડાયાબિટિસનો દર્દી મૃત્યુ પામે છે અને દર દસ સેકન્ડે ડાયાબિટિસના ત્રણ નવા દરદી ઉમેરાય છે.

**દિનેશ ગોસર**

## રેલવે માં તત્કાલ ના બદલાયેલા નિયમોથી ફાયદો

ત્રણ દિવસ અગાઉના બદલે એકજ દિવસ પહેલાં તત્કાલની ટિકિટ મેળવવાનો નવો નિયમ રેલવેએ કર્યો છે ત્યારથી તત્કાલ કોટાનો સાચો ઉપયોગ કરનાર ઉતારૂઓને ફાયદો વધુ થયો છે. ખોટી મારામારી બંધ થઈ ગઈ છે અને ઈમરજન્સીના કારણે જનારને એનો પૂરો લાભ મળે છે. દા.ત. ટ્રેન ઉપડવાને ત્રણચાર કલાકની વાર હોય તો પણ ૬૦-૭૦ જેટલી સ્લીપર બર્થ હવે ખાલી મળી શકે છે.

નવા નિયમ પ્રમાણે (૧) તત્કાલની કન્ફર્મ ટિકિટ રદ કરાવનારને રીફન્ડ નથી મળતું. (૨) તત્કાળ ટિકિટની ડુપ્લીકેટ નથી થતી. (૩) એક પીએનઆર ઉપર ૪ જ ટિકિટ મળે. (૪) રિઝર્વેશન ફોર્મની સાથે ઓળખપત્રની એક કોપી જોડેલી જોઈએ. (૫) ટ્રાવેલ એજન્ટોને સવારના ૮ થી ૧૦ વાગ્યા સુધી તત્કાલ ટિકિટ આપવા ઉપર પ્રતિબંધ. નવા નિયમોથી ટિકિટના કાળાબજાર બંધ થઈ ગયા છે અને જરૂરીયાતવાળા જ એનો લાભ લે છે.

શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)



(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા ની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૪૯૯૮૮૯૯૯

દરમહિનાના પહેલા રવિવારે કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દિઠ રૂ. ૫૦/- માત્ર.શનિવાર તા. ૩૧-૧૨-૨૦૧૧ તથા રવિવાર તા. ૧-૧-૨૦૧૨ ના આયોજિત કુલપાકજી તીર્થ યાત્રાને જબરદસ્ત પ્રતિસાદ પ્રાપ્ત થયેલ ત્રણ બસ તથા બે કાર દ્વારા લગભગ ૧૬૦ યાત્રીકોએ યાત્રાનો લાભ લિધેલ. ભક્તિ ભાવના ની રમઝટ થી વર્ષ ૨૦૧૧ ને પ્રભુ સમક્ષ વિદાય આપતા ભાવિકો અત્યંત ભાવવિભોર થઇ ગયેલ. વર્ષ ૨૦૧૨ નો સ્વાગત તીર્થ ક્ષેત્રે વિરાટ નવકાર ભાષ્ય જાપ અનુષ્ઠાન થી કરવામાં આવેલ છે. જાપ માટે શ્રી પંચ પરમેષ્ઠી મહિલા મંડળ પોતાની મંડળી સહિત પધાર્યા. તીર્થ ક્ષેત્રે હાજર યાત્રાળુ પણ કાર્યક્રમ ભક્તિભાવ થી માણેલ. શ્રી કચ્છી મિત્ર મંડળ ના કારોબારી સભ્ય તથા ટ્રસ્ટ બોર્ડ ના સર્વે સભ્યોને શ્રીસંઘ વતી આમંત્રણ આપવામાં આવેલ. મંડળના સહખજાનચી શ્રી દિનેશ ગોસર અતિથિ વિશેષ નું સ્થાન દિપાવેલ તથા શ્રી મહેન્દ્ર શામજી મોતા મુખ્યઅતિથિ પદે હતા. બન્ને મહાનુભવોએ શ્રીસંઘ ની પ્રવૃતિઓને અનુમોદનાત્મક રીતે બીરદાવેલ.

**VISION 12-12-12** શ્રી કુલપાકજી તીર્થ યાત્રા સંઘ કાચીગુડા હૈદરાબાદના ઉપક્રમે બુધવાર તા. ૧૨ ડિસેમ્બર ૨૦૧૨ ના શ્રી સમ્મેતશિખરજીની પહાડ યાત્રા કરવાનું નિર્ધારીત કરેલ છે. ૧૨ દિવસના યાત્રા કાર્યક્રમની રૂપરેખા તૈયાર થઇ રહેલ છે. નજીવા નકરામાં ભાવિકોને યાત્રા કરાવવાનુ શ્રીસંઘનો સંકલ્પ છે ગુરૂ ભગવંતો ના આશિર્વાદ તથા દાતાઓના અનુદાન મેળવવા માટે શ્રીસંઘ પ્રયત્નશીલ છે. સ્વેચ્છાએ આગળ આવવા દાતાઓને ખાસ અપીલ છે તથા યાત્રા ના સફળ આયોજન માટે ભાવિકોને ૧૨૦૦ નવકારવાળીની આરાધના કરવા વિનંતિ છે તથા ઓછામાં ઓછા ૧૨ જણને યાત્રા માટે અનુમોદના કરવાનુ છે. **શ્રી સંઘ સામે ૧૨૦૦ ભાવિકોને યાત્રા કરાવવાનુ લક્ષ્ય છે** વધુ વિગત માટે સંચાલક હંસકુમાર સાયલાનું સંપર્ક કરવું, યાત્રાના આ ભગીરથ કાર્યક્રમ માટે આપશ્રીનો સાથ સહકાર મળી શકશે તે માટે શ્રી સંઘને જણાવવા આગ્રહ ભરી વિનંતી છે.

દરમ્યાન આપશ્રી ટોકન રૂપે ૧૦૦૦/- ભરીને આપશ્રીની સીટ બુક કરી શકો છો. ૧ સપ્ટેમ્બર ૨૦૧૨ના પહેલા બુકીંગના નામમાં જે પણ ફેરફાર કરવું હોય કરી શકાશે.

શ્રી સંઘને નિચે મુજબના અનુદાન પ્રાપ્ત થયેલ છે : ૧) શેઠશ્રી હરશી મેઘજી દેઢિયા, ભૂજપુર મુંબઇ, ગરીબ ભોજન ના રૂ. ૮૦૧/- ૨) કાયમી સંઘપતી પરિવારે તા. ૩૧-૧૨-૨૦૧૧ તથા તા. ૧-૧-૨૦૧૨ ના આયોજિત શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાર્યક્રમ નો સમસ્ત ખર્ચ આપી શ્રી સંઘ ને પ્રોત્સાહિત કરેલ છે. ૩) નવસારી ના તપોવન સંસ્કાર ધામ ને રૂ. ૧૫૦૧/-નું અનુદાન શ્રીસંઘના નામે કાયમી સંઘપતીએ આપેલ છે. ૪) માતુશ્રી મંજુલાબેન લક્ષ્મીચંદ ગાલા તરફથી રૂ. ૩૦૦/- સર્વસાધારણ ખાતા માં ભેંટ મળેલ છે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(જા.ખ.)

# પાવન તીર્થ પાલીતાણામાં શત્રુંજય ની ૫૦૦ મીટરની હદમાં હવે કેવળ જૈન ફૂડ મળશે

પાલીતાણા નગરી એટલે કરોડો જૈનોનું શ્રદ્ધાનું કેન્દ્ર પાલીતાણાને પાર્ટલી જૈન બનાવવામાં ગુજરાતના માનવંતા મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને તેમના પ્રધાનમંડળે એક યાદગાર નિર્ણય લીધો છે.

પવિત્ર તીર્થ પાલીતાણામાં નોન-વેજ ફૂડ મળતું જ નથી. સરકારના અને ધર્મની ભાવનાથી રંગાયેલા જાગૃત નાગરિકોને કારણે છેલ્લા કેટલાક સમયથી ઈંડા વેચાવાનું પણ બંધ થઈ ગયું છે. જૈનોના આદરણીય તીર્થ ધામ એવા પાલિતાણા સ્થિત શત્રુંજય ગિરિરાજની તળેટીના પાંચસો મીટર વિસ્તારમાં આવેલ દરેક હોટલ અને લારીવાળાઓ શુદ્ધાં કાંદા, લસણ અને બટાટાનો ઉપયોગ સદંતર બંધ કરીને શુદ્ધ જૈન ભોજન વાનગીઓનું વેચાણ કરશે. ૫૦૦ મીટર બાદ આ સ્થળ મર્યાદા ધીમે ધીમે વધારવામાં આવશે.

છેલ્લા ત્રણ-ચાર મહિનાથી પાલીતાણાના હોટલવાળાઓ, લારીવાળાઓ અને નાના-મોટા ગલ્લાવાળાઓ સાથે આ અંગે ચર્ચા-વિચારણા ચાલુ હતી. ત્રીસ ઉપરાંત હોટલ, લારી-ગલ્લાવાળા કાંદા, બટાટા, લસણ અને જૈનધર્મમાં જે કંદમૂળ ન ખાવાનું કહેવામાં આવ્યું છે એનો વપરાશ નહીં કરવા માટે રાજી થયા છે.

પરિણામે શત્રંજયની તળેટીના ૫૦૦ મીટરના વિસ્તારમાં હવે કેવળ જૈન ભોજન જ મળશે.

હોટલો કે લારીવાળાઓ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના આ નિર્ણય સાથે તુરંત સહમત થયા એ આનંદની બાબત છે. ગુજરાત સરકારનો આ નિર્ણય ખરા અર્થમાં ઐતિહાસિક છે.

**દિનેશ ગોસર**

## ચાણક્યના નીતિ સૂત્રો

- બીજાની ભૂલોમાંથી પણ શીખો... એ ભૂલો તમે પોતે કરો અને શીખો. એટલું લાંબુ આયુષ્ય તમે ભોગી શકવાના નથી.
- કોઈ વ્યક્તિએ વધારે પડતા પ્રમાણિક થવું જોઈએ નહીં. જેમ સીધાસર વૃક્ષને પહેલાં કાપવામાં આવે છે તેમ સીધા માણસોને લોકો પહેલા પરેશાન કરે છે.
- સર્પ ઝેરીન હોય તો પણ એણે ઝેરી હોવાનો દેખાવ તો કરવોજ જોઈએ નહીં તો બચે નહીં.
- તમારું રહસ્ય બીજા કોઈને કહેશો નહીં. એમ કરશો તો નુકસાન તમને જ થશે.
- પુષ્પની સુવાસ તો ફક્ત પવનની દિશામાંજ ફેલાય છે, પણ માણસની ભલાઈની સુવાસ તો બધી દિશામાં ફેલાય છે.
- અંધ વ્યક્તિને જે રીતે અરીસો ઉપયોગી છે, તેજ રીતે મૂરખ વ્યક્તિને પુસ્તકો ઉપયોગી છે.
- માણસ પોતાના કાર્ય દ્વારા મહાન બને છે, ન કે જન્મથી.
- પોતાના માણસ ખોટા કામ કરતા હોય તો રોકવા, નહીં તો તેના દુષ્પરિણામ તમનેજ ભોગવવા પડશે.
- દુર્જનોની સોબત કદાપિ કરવી નહી.
- પારકાની ગુપ્ત વાત કદાપિ સાંભળવી નહીં.

**રમેશ એમ. શાહ**

*।। જય ગૌભક્ત શ્રી શંભુ મહારાજ ।।*

*જય શ્રી મહારાણા પ્રતાપ*

*જય શ્રી છત્રપતિ શીવાજી* *જય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ*

*જય શ્રી નેતાજી સુભાષચન્દ્રજી બોસ* *જય શ્રી લાલબહાદુર શાસ્ત્રી*

# શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ

## સન ડેવલોપર્સ સન સીટી - ૩

**email : dadabhalara@yahoo.in**

અમારૂ પહેલું કર્તવ્ય ''આપના રોકાણ થનાર નાણાની સુરક્ષિતતા સાથે ઉંચા વળતરની ખાત્રી'' - **આપનો સાથે વતનનો વિકાસ**

શ્રી કલાપર્ણ ટાઉન શીપ ૧-૨ સન સીટી ૧-૨ ની સફળ કામીયાબી બાદ રહેણાંક ક્ષેત્રે સન સીટી-૩ - ૨૦૦૦ પરિવારો માટે ગુંદાલા ચોકડી પાસે વાંકી-પત્રી-રતાડીયા ગણેશ વાલા મેનરોડ ટચ મુંદ્રા પોર્ટ તથા કંપનીઓમાં વ્યવસ્થીત આવન જાવન કરી શકાય તેવા વિસ્તારમાં માસિક સરળ રૂ. ૧૨૫૦/- નાં ૬૦ હપ્તાથી પ્રતિ ચો.વાર. રૂ. ૯૩૭.૫૦, ૯ ચોરસ ફુટ હીસાબે ૮૦ ચોરસ વારના પ્લોટ ધારક બનો. એક સાથે રકમ ભરનારને તુરંત સાટાકરાર થી પ્લોટ નમ્બરની ફાળવણી સાથે રૂ. ૫૦૦૦/- નો ડીસ્કાઉન્ટ તેમજ દર મહીને ડ્રો પદ્ધતીથી લાખો રૂ. ની કિંમતી બક્ષીસોના હકકદાર બનો.

બંગલોના કમ્પલીટ ડેવલપ પ્લોટો જે વાંકી તિર્થ સામે પ્રતિ ચો. વાર. રૂ. ૧૫૫૧x૨૦૦ ચો.વાર.

વધુ માહિતી માટે સંપર્ક કરો :

**સદાયે બરકત દેતું શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ**

| | | |
|---|---|---|
| ગાંધીધામ | શ્રી લબ્ધિભાઈ મોમાયા | ૦૯૮૨૫૩ ૫૧૦૦૫ |
| મુંબઈ | શ્રી પ્રફુલ્લભાઈ લોડાયા | ૦૯૨૨૩૩ ૪૬૪૨૩ |
| હૈદરાબાદ | નવલબેન મહેન્દ્રકુમાર ધરમશી | ૦૪૦-૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨ |

હંસકુમાર રાયચંદ સાયલા - ૬૬૩૬ ૨૫૪૫, લહેરચંદ ટોકરશી લોડાયા - ૯૨૪૬૫ ૩૧૦૬૬

**NAVALBEN M. SHAH (DHARAMSHI)**

(જા.ખ.)

## એક ચમચી હળદરના ફાયદા...

- ભારતીય જમણમાં મસાલાનો પ્રયોગ પ્રાચીન સમયથી થાય છે.
- હળદરનો સૌથી વધારે ઉપયોગ દાળ અને શાકભાજીમાં કરવામાં આવે છે કારણ કે આ દાળ અને શાકમાજીનો રંગને પીળો કરે છે તે સાથે જ ભોજનને પણ સ્વાદિષ્ટ બનાવે છે.
- ડાયાબીટિસના દર્દીઓ માટે હળદર કોઈ ઔષધિઓથી ઓછી નથી. ડાયાબીટિસ માટે દરરોજ ગરમ દૂધમાં હળદર પાવડર મેળવીને પીવું જોઈએ. વાસ્તવમાં, હળદરમાં વાતનાશક ગુણ હોય છે જે ડાયાબીટિસની સમસ્યાથી રાહત મળવામાં મદદ મળે છે.
- આયુર્વેદ અનુસાર નાના-નાના પ્રયોગ કરીને તેના અલગ-અલગ લાભ ઉઠાવી શકાય છે.
- હળદર એ શરીરની રોગપ્રતિરોધક ક્ષમતાને વધારે છે અને લોહીને સ્વચ્છ રાખે છે.
- મહિલાઓની પીરિયડ સંબંધી સમસ્યાઓને પણ દૂર કરે છે.
- લીવર સંબંધી સમસ્યાઓમાં પણ તેને ગુણકારી માનવામાં આવે છે. આ જ કારણ છે કે શરદી-ખાંસી થવા પર દૂધમાં કાચી હળદર પાવડર નાખીને પીવાની સલાહ આપવામાં આવે છે.
- જરૂરી છે કે હળદર હંમેશા હવાચુસ્ત બરણીમાં રાખો કે જેથી કરીને તેનાસ્વાદ અને ગુણવત્તામાં કોઈ ઉણપ આવે નહીં.
- પેટમાં કીડા થવા પર ૧ ચમચી હળદરના પાવડરને રોજ સવારે ખાલી પેટે એક સપ્તાહ સુધી તાજા પાણીની સાથે લેવાથી કીડા દૂર થાય છે. આ મિશ્રણમાં થોડું મીઠું પણ મેળવી શકો છો. તેનાથી પણ ફાયદો થશે.
- ચહેરાના ડાઘ-ધબ્બા અને કરચલીઓ મટાડવા માટે હળદર અને કાળા તલને બરાબર માત્રમાં પીસીને પેસ્ટ બનાવીને ચહેરા પર લગાડો. આ પેસ્ટથી માત્ર તમારો ચહેરો જ નહીં નીખરે પણ તે સાથે તમારો ચહેરો ખીલેલો રહેશે.
- સતત ખાંસી આવતી હોય તો હળદરની નાની ગાંઠને મોં મા રાખીને ચુસો. તેનાથી ખાંસી આવતી બંધ થશે.
- ત્વચાના વણજોઈતા વાળને દૂર કરવા માટે હળદર પાવડરને નવશેકા નાળિયેર તેલમાં મેળવીને પેસ્ટ બનાવી લો. હવે આ પેસ્ટને હાથ-પગ પર લગાડો. જેનાથી ત્વચા મુલાયમ બને છે અને શરીર પરથી વણજોઈતા વાળ દૂર થાય છે.

**પંકજ વલ્લભજી સાવલા**

## રત્નકણિકા

- જ્યાં સુધી અહમ્‌ને જીતાય નહિ, ત્યાં સુધી અર્હમને (પરમાત્માને) પામી શકાય નહિ.
- તમારું મૃત્યુ નક્કી છે પણ તારીખ નક્કી નથી.
- પ્રાર્થના એટલે વગર પોસ્ટમેને પ્રભુને પહોંચતો પત્ર છે.
- કોઈનાય અંતરની આહ કદી ન લેશો, તે તમારા સુખી જીવનમાં દાહ લાવશે.
- ચાંદના કલંકને જોનારો પૂનમની મજા ગુમાવે છે.
- ખુશામતની ખીર કરતાં ખુમારીની ખીચડી વધુ સારી.
- પાંખ વિના ઉડે, પગ વિના દોડે એનું નામ અફવા. તેના પર વિશ્વાસ કેમ રખાય ?
- દયા વિનાની આંખ, સેવા વિનાના હાથ અને દાન વિનાનું દ્રવ્ય નકામા છે.
- તમે સમયને સત્કાર્યોથી ભરી દો નહિં તો સમય તમને ભરખી જશે.

**ચંદ્રકાંત શિવલાલ શાહ**, બેંગલોર

બંને પક્ષ સાધન સંપન્ન છતાંય

# વરપક્ષ પરિવાર : સુપુત્રના લગ્ન પ્રસંગે

લગ્ન ખર્ચ અડધા-અડધામાં : હર્ષભેર સહભાગી બન્યા કચ્છ : નાગલપુર, હાલે હૈદરાબાદ નિવાસી

## પુણ્યપંથી માતુશ્રી મણીબેન રતનશી પ્રેમજી ગોગરી
## પરિવારના સમાજ માટે પ્રેરણાદાયી પગલાંની અનુમોદના

દિકરી એટલે વ્હાલનો દરિયો ને દિકરો એટલે ચમકતો ચાંદલો. એક ઘરની દિકરીને બીજા ઘરનો દિકરો માંડી રહ્યાં સંસાર. નૂતન વર્ષની નવલી સવાર આપી રહી વધામણાંના હાર. સરખે ભાગે ખર્ચ વહેંચી લેજો. એકબીજાના સુખ દુ:ખનો ભાર જેમણે સ્વીકાર્યો છે આ સદ્‌વિચાર અભિનંદનના અધિકારી છે, એ સૌ પરિવાર.

જીવનને બદલવાની જરૂર નથી. જરૂર છે માત્ર આપણો અભિગમ બદલવાનો. લગ્ન એટલે પવિત્રતાનું આજીવન પર્વ. લગ્ન બંધનમાં હાથ સાથે હૈયા જોડાય. લગ્નોત્સવ એટલે બે પરિવારનો આજીવન નાતો. આવા ઉમદા ઉત્સવના ઉમંગને ઉમળકાભેર ઉજવનાર...

**કચ્છ-નાંગલપુરના પરમાર્થ પ્રેમી સ્વ. શ્રી રતનશીદાદા** તથા **પુણ્યપંથી મણીબેન દાદીના**

સ્નેહથી સિંચેલ પૌત્ર **ચિ. જય**

(અ.સૌ. સરલાબેન અને શ્રી પ્રફુલ્લભાઈ રતનશી ગોગરીનો સુપુત્ર)

સામાજીક ઉત્થાનમાં સહભાગી

તથા કચ્છ-બિદડા (મુંબઈ-ઘાટકોપર)

માતૃવંદના - માવતનો માળો (બિદડા) ના પ્રણેતા

**અ.સૌ. મંદાકીનીબેન અને શ્રી કોમલભાઈ વેલજી સાવલા**

ની સ્નેહથી પાંગરેલ સુપુત્રી **ચિ. પિંકી**

અભિવાદન અનુમોદના અભિનંદન

**તા. ૨૭-૧-૨૦૧૨ ના લગ્ન ગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલાં પાડશે.**

સમાજ કરવટ બદલે છે ત્યારે, સમાજના ક્રાંતિકારી અભિગમને લક્ષમાં રાખી **હી આય આંધરા વરાયજો સચ્ચો ટાણું** લગ્ન ખર્ચ સરખે ભાગે વહેચી, સમાજના વાસ્તવિક વિષયને મૂર્તિમંત કરવાનો અણમોલ મોકો ઝડપી લેનાર માતુશ્રી મણીબેન રતનશી ગોગરી પરિવાર (નાગલપુર) નું અભિવાદન - અભિવંદના અભિષેક.

પ્રફુલ્લભાઈના કહેવા મુજબ : સંબંધ તો આકાશ છે. ચાહો તો એની ઊંચાઈને આંબો કે ચાહો તો એની ઊંડાઈ માપો. પરંતુ સ્નેહની સચ્ચાઈ વગર તેનો તાગ માપી નથી શકાતો. બસ, ન ધરા સુધી - ન ગગન સુધી... અહીં આપણે તો જવું હતું ફક્ત એકમેકના મન સુધી.

***ચાલો સુજ્ઞજનો, મુસ્કાન વાવીએ. લ્યો આ આંસુ, આપો હૈયુ,***
***આપો થોડીક હૂંક એટલે એક નવી પહેચાન વાવીએ. ચાલો મુસ્કાન વાવીએ.***

લિ. આનંદોત્સવના સહભાગી

(જી.જી.)

શ્રી બિદડા મુંબઈ મહાજન, શ્રી બિદડા સ્થાનીક મહાજન, શ્રી બિદડા સેવા સમાજ,
શ્રી બિદડા એજ્યુકેશન સોસાયટી, શ્રી બિદડા યુવા માંડળ, શ્રી બિદડા સ્મિત મંજરી

## કચ્છ : બિદડા

# માતૃવંદના - માવતરનો માળો

### સુજ્ઞ સંતાનોને નમ્ર નિવેદન

# હયાત માતા - પિતાની છત્રછાયા

હયાત માતા-પિતાની છત્રછાયામાં તેમની પાસે પ્રેમથી બેસી પેટ ભરી નીરખી લેજો. સાચા હૃદયથી એક ક્ષણ માટે પણ ભેટી લેજો. કાલની કારમી થપાટ લાગ્યા પછી પસ્તાશો, આંસુ સારી સંભારશો, તો પણ એ વાત્સલ્યનો પ્રેમાળ હાથ તમારા મસ્તક પર નહિ ફરે. અમૃતના અખુટ ખજાના સમાન માતા-પિતાની શીતલ છાયામાં વરસો સુધી રહેવાનું ભાગ્યશાળી સંતાનોના નસીબમાં જ હોય છે.

કચ્છ-બિદડા મધ્યે સમાજના વડીલો તથા ઈશ્વરના બાળકો માટે ઉપરોક્ત સંસ્થા માવતરનો માળો નું નિર્માણ થઈ રહ્યું છે. કામ પુરજોશમાં ચાલુ છે. વડીલો માટે આશીર્વાદરૂપ ઉપરોક્ત વિસામા ઘરમાં, જેમના સંતાનો છે એવા વડીલો નહીંવત દાખલ થાય એમ ઈચ્છીએ.

**જો ઉપરોક્ત લખાણને સંતાનો આત્મસાત કરશે તે...**

લિ. **માતૃ વંદના પરિવાર**

**કચ્છ - બિદડા**

કોમલભાઈ સાવલા (બિદડા) ના જય જિનેન્દ્ર

આપનો અભિપ્રાય આવકાર્ય છે.

મો. ૦૯૭૧૨૭ ૭૮૮૭૬ E-mail : matruvandna@hotmail.com

(જા.ખ.)

માતા-પિતાની છત્રછાયા - સાભાર સ્વીકાર :

**અ.સૌ. જયાબેન વિશનજી પાલણ મારૂ - બિદડા**

# KOTAK ASSURED INCOME PLAN

*An Ideal Life Insurance plan which helps us enjoy the little luxuries with your family without worrying about the associated costs.*

**KEY ADVANTAGES :** • Enjoy Assured Annual Income for 20 years • Receive lump sum on Maturity • Provide protection to your family for 30 years • Avail of Policy loan to meet sudden expenses • Boost your protective cover through optional rider benefits like Accidental death benefit, Permanent disability benefit, Life Guardian Benefit, etc. • Tax Benefits under Section 80C and Section 10 (10D) of Income Tax Act 1961.

| Premium Bands | Assured Annual Income |
|---|---|
| Up to Rs. 24,999 | 9.10% |
| Rs. 25,000 to Rs. 74,999 | 9.60% |
| Rs. 75,000 and above | 10.10% |

Why is it an ideal plan ? - The plan guarantees you an additional income every year, for 20 years provided the policy is in force. In addition, on maturity you receive 100% to 104% of Basic Sum Assured. You also enjoy life cover for the entire policy term thereby protecting your family should something happen to you.

Other Plans to suit all requirements : We also have Child Education plans, Tax free Retirement Plans, Term Plans, Investment Plans, Savings and Protection Plans and many others..... Get 1 Crore life Cover for Rs. 24000/- only (Term Plan)

* Premium calculation is for 30years term for Male Non-Smoker. (જા.ખ.)

For further details : **MANISHA DIPEESH GADA,** 502, Akash Ganga, Kachiguda, Hyd - 27 Ph : 92985 00715



DiVA
...exclusive Designer Wear

Kunjal Shah -7799556780
# 4-2-578, Left Lane of NILGIRI MITHAI,
Police Station Lane,
Badichowdi, Hyderabad.

**Designer Kurti, Leggings, Jeggings, T-Shirts, Salwar, Duppatta & Chudidar Duppatta Set**

100% Guarantee for not getting Bubblings on Leggings

**Flat 40% Off** on Limited Stock

(જા.ખ.)

# R.S. BANDHANI HOUSE

કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪　　લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !!　　ફોન : ૨૪૭૫૫૩૩૧ ૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર

(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૭) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગના નવા કલાસ દર સોમવારથી શરૂ થાય છે.

**અદભૂત – અકસીર–અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

**આરોગ્યામૃતમ્**
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ–લીવર–કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

**સૌદર્યામૃતમ્**
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ–સુંદર બનાવવા માટે...

**ઉદરામૃતમ્**
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

**દંતામૃતમ્**
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

**કેશામૃતમ્**
સુંદર–લાંબા, દ્રઢ–કાળા વાળો માટે તથા ખોડા–સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

**અમૃત તેલમ્**
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

**ચ્યવન પ્રાશાવલેહ**
શરીર–મનની શક્તિ, ચહેરાની રોનક, ક્રાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

**મનસામૃતમ્**
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

**શ્વાસનામૃતમ્**
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

નિર્માતા : **બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.

સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦

દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે.　(જા.ખ. F-1160)